ओ३म्

।। कृण्वन्तो विश्वमार्यम् ।।

# આર્ય વૈદિક દર્શન

**Arya Vaidik Darshan**

(Monthly)

**ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું માસિક મુખપત્ર**



यदि इस सेकंड की मुस्कान से फोटो अच्छी बन सकती है, तो हमेशा मुस्कुराने से जीवन अच्छा क्यों नहीं बन सकता ? सदा प्रसन्न रहें ।

| | | |
|---|---|---|
| सृष्टि संवत् | : | १,९६,०८,५३,११५ |
| विक्रम संवत् | : | २०७१ |
| दयानन्दाब्द | : | १९० |
| वर्ष | : | १ |
| अंक | : | ९ (सितम्बर -२०१४) |
| वार्षिक शुल्क | : | १००रुपये |
| पृष्ठ संख्या | : | ८ |

स्वत्वाधिकारी गुजरात प्रान्तीय आर्य प्रतिनिधि सभा, अहमदाबाद की ओर से प्रकाशक, मुद्रक सुरेशचन्द्र अग्रवाल द्वारा नचिकेत आर्ट प्रिन्टर्स, ११, गैलेक्सी कोमर्शियल सेन्टर, जवाहर रोड, राजकोट से मुद्रित तथा कार्यालय आर्यसमाज, महर्षि दयानन्द मार्ग, कांकरिया, अहमदाबाद–३८००२२ से प्रकाशित, सम्पादक–सुरेशचन्द्र अग्रवाल

## ગુજરાત પ્રાંતીય સભાની વાર્ષિક સામાન્ય સભા સમ્પન્ન...

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાની વાર્ષિક સામાન્ય સભા તા.૨૪-૮-૨૦૧૪ ના રોજ ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદ ખાતે યોજાઇ ગઇ. જેમાં તા.૩૧-૩-૨૦૧૪ના રોજ પૂરા થતાં નાણાકીય વર્ષનાં હિસાબોનું વાચન અને બહાલી આપવામાં આવી. તેમજ સભાની ગત વર્ષની ઉપલબ્ધિઓ વર્ણવવામાં આવેલ હતી. તેમજ આગામી વર્ષના આયોજનો સભા મંત્રી શ્રી હસમુખભાઇ પરમારે રજૂ કર્યા હતાં જેનો સાર નીચે મુજબ છે.

૧. ક્ષેત્રીય આર્યસમાજોની સંયુક્ત બેઠકો દર વર્ષે જે-તે ક્ષેત્રમાં વર્ષમાં ઓછામાં ઓછી એક વખત યોજવી.

૨. બૃહદ્ ગુજરાતમાં આર્યસમાજનો નકશો તૈયાર કરાશે અને દરેક આર્યસમાજોને આપવામાં આવશે.

૩. આર્યસમાજ નિદેર્શિકાનું કાર્ય ચાલુ છે, જે તૈયાર થયે દરેકને આપવામાં આવશે.

૪. આર્યોના ૧૬ સંસ્કારો નો પ્રચાર સામાન્ય જનતા સુધી પહોંચાડવા માટે દરેક આર્યસમાજોએ પોતાના ગામ-શહેરમાં આવેલા સ્મશાન ગૃહોમાં સોળ સંસ્કારનો ટૂંકો પરિચય આપતો ચાર્ટ લગાવવો અને સંસ્કારો કરાવવા માટે સ્થળ - સંપર્ક નંબરની નોંધ મૂકવી. આવો જ ચાર્ટ પ્રસુતિગૃહોમાં પણ લગાડવા. આર્યપરિવારોમાં પણ લગાડી શકાય.

૫. વિવાહ યોગ્ય યુવક-યુવતિ પરિચય સંમેલન આગામી તા.૨૩ નવેમ્બર ૨૦૧૪ ના રોજ આર્યસમાજ, સ્ટેશન રોડ, આણંદ ગુજરાત પ્રા. સભા અને સાર્વ. સભાના સંયુક્ત ઉપક્રમે ખાતે યોજાશે. જેમાં ગુજરાત ઉપરાંત પાડોશી રાજ્યો મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનનાં આર્યપરિવારો પણ જોડાશે.

૬. વૈદિક સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું દર વર્ષ આયોજન કરવા વિચારણા ચાલે છે. જેમાં વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓનું રાજ્ય સ્તરે આયોજન કરવા વિચારણા ચાલે છે.

૭. પ્રાંતીય કક્ષાનું આર્યપરિવાર સ્નેહમિલન આગામી ડિસેમ્બર માસના છેલ્લા સપ્તાહમાં યોજાશે.

આ બેઠકમાં ગુજરાતના વિવિધ આર્યસમાજોમાંથી પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

## ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાની અંતરંગ સભાની બેઠક સમ્પન્ન

ગત તા. ૨૪-૮-૨૦૧૪ ના રોજ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાની અંતરંગ સભાની બેઠક ચરોતર પ્રદેશ આર્ય સમાજ-આણંદ ખાતે સભા પ્રમુખ શ્રી સુરેશચંદ્ર અગ્રવાલની અધ્યક્ષતામાં યોજાઇ ગઇ. જેમાં કાર્યસૂચિ-મુજબના વિષયો પર ચર્ચા - વિચારણા કરવામાં આવેલ હતી. સંપૂર્ણ હારાત્મક વાતાવરણમાં યોજાયેલ બેઠકમાં પ્રતિનિધિઓ તરફથી અનેક રચનાત્મક સૂચનો પ્રાપ્ત થયા હતા. બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો કે સભા દ્વારા યોજાનાર પુરોહિત ચિંતન અને પ્રશિક્ષણ શિબિર (દ્વિતીય) માં દરેક આર્યસમાજો પોતાને ત્યાં સેવા આપતા પુરોહિતો તેમજ આંશિક રીતે પૌરોહિત્ય કર્મ કરતા સદસ્યો અને કર્મકાંડમાં રૂચિ ધરાવતા સદસ્યોને ભાગ લેવા અવશ્ય મોકલે.

સભા દ્વારા નિર્ણય લેવામાં આવ્યો કે સંત ઓધવરામ વૈદિક ગુરુકુળ, ભવાનીપુર (કચ્છ) ને સભા દ્વારા પ્રચાર વાહન ભેટ આપવું. આ ગુરુકુલના આચાર્ય તરીકે વૈદિક ધર્મની સેવા માટે પોતાનું જીવન અર્પણ કરનાર સ્વામી શાન્તાનંદજી સેવા આપે છે. તેઓ ગુરુકુલના બ્રહ્મચારીઓને વૈદિક શિક્ષણ આપે છે. ઉપરાંત તેઓ સંપૂર્ણ કચ્છમાં વેદપ્રચાર કરે છે. આથી તેઓના પ્રચાર કાર્યને વેગ મળે તે હેતુથી સભા દ્વારા પ્રચાર વાહન ભેટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સભાએ નિર્ણય કર્યો કે આર્યસમાજ, હાથીખાના, રાજકોટના પ્રમુખ અને આજીવન તન-મન-ધન આર્યસમાજને અર્પણ કરનાર મુ. શ્રી પોપટભાઇ ચૌહાણના જીવનનું શતાબ્દી વર્ષ ચાલી રહ્યું છે. આ ઉંમરે પણ સંપૂર્ણ તંદુરસ્ત છે અને ઘડપણની સામાન્ય ફરિયાદો પણ નથી. તેઓનું વિશેષ સન્માન પ્રાંતીય સભા દ્વારા કરવું.

ગુજરાતના આર્યસમાજના પ્રચારને વેગ આપવા નિર્ણયો લેવામાં આવ્યા. જે પૈકી ગુજરાતના ગામડે - ગામડે વેદ સંદેશ પહોંચાડવાના ચાલુ થયેલ અભિયાન પૈકી વર્તમાનમાં સુરેન્દ્રનગર જિલ્લામાં અભિયાન ચાલી રહ્યું છે. જેની સમગ્ર વ્યવસ્થા આર્યસમાજ સુરેન્દ્રનગર કરે છે.

જિલ્લા વઢવાણ અને લીંબડી તાલુકાના ગામો સુધી વેદ સંદેશ પહોંચાડવામાં આવેલ છે. અને તે ગામોમાં વેદના સેટ અર્પણ કરવામાં આવેલ છે. જેની વિસ્તૃત જાણકારી આર્યસમાજ સુરેન્દ્રનગરના પ્રમુખ આર્ય બંધુજીએ આપી હતી. અને હવે પછીના ચુડા તાલુકાની પ્રચાર યાત્રાનું આયોજન રજૂ કર્યુ હતું. ઉલ્લેખનીય છે કે આ કાર્યમાં વિવિધ ધાર્મિક સામાજિક સંગઠનોનો સહયોગ મળી રહ્યો છે. જેમાં વિશ્વ હિન્દુ પરિષદનો સહયોગ મુખ્ય છે.

आर्यसमाज के सिद्धान्त

# आस्था और अन्धविश्वास

**- मन मोहन आर्य, दहेरादून**



मन मोहन आर्य

आजकल आस्था शब्द का प्रयोग इसके वास्तविक अर्थों में न करके इस शब्द को स्वार्थ सिद्धि और अपनी कमियों व अज्ञान को छुपाने में प्रयोग किया जा रहा है। आस्था का अर्थ क्या है? जब हम इस शब्द पर विचार करते हैं तो इसका अर्थ होता है कि हम जिस बात को मानते व करते हैं उसका हमें पूरा ज्ञान है। उसे हम तर्क, प्रमाण, युक्ति एवं बड़े-बड़े विद्वानों के वाक्यों व कथनों से पुष्ट व सिद्ध कर सकते हैं। आस्था के विरूद्ध यदि कोई वाद-विवाद होता है तो हम विषय से भागते नहीं, हटते नहीं, उल-जलूल दलीलें नहीं देते अपितु विरोधी तर्कों व आरोपों का इस प्रकार से उत्तर देतें हैं कि जैसे कक्षा में विद्यार्थी के प्रश्नों का उत्तर गुरुजी या अध्यापक देते हैं। ऐसा ही प्रश्नोपनिषद के ऋषि व सत्यार्थ प्रकाश में प्रश्नों को उपस्थित कर महर्षि दयानन्द ने समाधान किये हैं, इन्होंने आस्था के नाम पर प्रश्नों को टाला नहीं अपितु उनके सयुक्तिक उत्तर दिए। अब हम आस्था के बारे में उदाहरण देकर उसका वास्तविक व वर्तमान विकृत स्वरूप दोनों को प्रस्तुत करते हैं। **ईश्वर की यदि हम चर्चा करें तो यह सिद्ध होता है कि इस संसार को बनाने, चलाने व अन्त में इसका विनाश व प्रलय करने वाली शक्ति का नाम ईश्वर है।** सृष्टि की रचना का कार्य अपौरूषेय सत्ता द्वारा ही सम्भव है, न तो यह सृष्टि स्वयं बन सकती है और न संसार के सब मनुष्य इस सम्पूर्ण सृष्टि को एक साथ मिलकर बना सकते हैं। सृष्टि को बनाने की बात तो क्या, इसके एक-एक अवयव अर्थात् जल, वायु या अग्नि वा ऐसे अन्य किसी व किन्हीं पदार्थों को ही बना सकते हैं। सूर्य, चन्द्र, पृथिवी व ब्रह्माण्ड में स्थित लोक-लोकान्तरों को बनाना तो संसार की सारी जन-संख्या के लिए भी असम्भव है। विचार करने पर यह भी ज्ञात होता है कि हमारा शरीर व इसकी सभी इन्द्रियां, यन्त्र व उपकरण भी उसी अपौरूषेय शक्ति ईश्वर के द्वारा बनाये गये हैं। वह शक्ति व सत्ता सर्वव्यापक, निराकार, अदृश्य व अति सूक्ष्म, सत्य, चेतन, आनन्द से परिपूर्ण, सर्वज्ञ आदि स्वाभाविक गुणों से युक्त व पूर्ण होनी सिद्ध होती है। ऐसा ही ईश्वर का स्वरूप चार वेदों, उपनिषद्, दर्शन ग्रन्थों व मनुस्मृति आदि में वर्णित है। अब ईश्वर की उपासना व पूजा की बात आती है। प्राचीन परम्परा के अनुसार उसकी उपासना योग विधि से एक आसन में स्थित होकर आत्मा व मन को उसमें लगा देने, उसके गुणों का ध्यान करने व गायत्री मन्त्र का अर्थ पूर्वक चिन्तन व विचार करके की जाती है या की जा सकती है। अन्य कोई प्रकार उसका नहीं है। परन्तु आजकल हम क्या देखते हैं कि अज्ञानी व स्वार्थी लोगों ने मध्यकाल में अनार्ष ग्रन्थ पुराणों की रचना करके लोगों को मूर्तिपूजा की आदत डाल दी। **अज्ञानी लोग शीघ्र ही अन्धविश्वासों का शिकार हो जाते हैं या उसमें फंस जाते हैं।** पहले तो राम, कृष्ण, विष्णु व शिव आदि कुछ इने-गिने महापुरूषों की ही पूजा-उपासना मूर्तिपूजा के द्वारा की जाती थी। परन्तु हम देखते हैं कि समय के साथ साथ लोगों का अज्ञान व स्वार्थों में वृद्धि होती गयी और इसी प्रकार भगवानों व इष्टदेवों की संख्या भी बढ़ती जा रही है। **क्या मूर्ति पूजा करना सत्य व यथार्थ है? क्या ऐसा करने से ईश्वरोपासना से जो लाभ होते हैं वह मूर्तिपूजकों को भी होते हैं?** इस पर कोई विचार ही नहीं करता? यदि मूर्तिपूजा करने वाले यह कहें कि हमने सन्तान मांगी थी और मूर्ति पूजा या मन्नत मांगने से हमारी वह मन्नत पूरी हो गई, तो प्रश्न है कि कुत्ते, बिल्ली, गाय, भैंस, जंगली जानवरों, सांप, बिच्छू आदि सभी की सन्तानें हो रही हैं तो क्या यह मूर्तिपूजा करते हैं? इसका मूर्ति पूजा करने वालों के पास कोई उत्तर नहीं है? यही हाल अन्य मन्नतों की पूर्ति का भी है। मूर्ति पूजा व गंगा स्नान आदि से जो मन्नतें हिन्दुओं की पूरी होती हैं, वहीं मान्यतायें ईसाई, मुसलमानों, बौद्ध व जैनियों की भी पूरी होती हैं जो कि हिन्दू देवी देवताओं को मानते ही नहीं हैं। इससे सिद्ध हो जाता है कि मूर्तिपूजा के बारे में जो दलीलें दी जाती हैं वह सब गलत हैं। इन गलत कृत्यों को आस्था का नाम देना बुद्धि का दिवाला निकालने के समान है। आस्था सच्चे सर्वव्यापक की वेदों व वेदसम्मत शास्त्रों के अनुसार धारणा व ध्यान द्वारा उपासना व पूजा करने को कहते हैं जिससे ईश्वर की सहायता प्राप्त होती है, ईश्वर व आत्मा का साक्षात्कार प्राप्त होता है, इस सच्ची उपासना में मनुष्य अपना जो समय व्यतीत करता है वह क्रियमाण कर्म, संचित कर्म, प्रारब्ध व इनसे मिलने वाले सुख व शान्ति के रूप में प्राप्त होते हैं। अतः इस विचार व चिन्तन से यह ज्ञात हुआ कि मूर्तिपूजा एवं अज्ञानता पूर्वक किये जाने वाले किसी भी कार्य को आस्था का नाम देना गलत व अविवेकपूर्ण कार्य है, इससे उद्देश्यों व इच्छाओं की पूर्ति व सिद्धि नहीं होती है।

आईये, अब थोड़ी चर्चा अन्धविश्वासों की भी कर लेते हैं। अन्धविश्वासों के सन्दर्भ में हमें लगता है कि महर्षि दयानन्द के आविर्भाव तक किसी को पता ही नहीं था कि अन्धविश्वास नाम का भी कोई शब्द होता है। सभी सही व गलत कार्यों को जो धार्मिक दृष्टि से किये जाते थे, धर्म, मत या धार्मिक परम्पराओं जैसे नामों से जाने जाते थे। महर्षि दयानन्द ने सभी वेद विरूद्ध व अवैदिक कार्यों, परम्पराओं, ईश्वरोपासना के नाम पर मूर्तिपूजा व यज्ञों में पशुओं के मांस की आहुति, सतीप्रर्था, फलित ज्योतिष, बेमेल विवाह, अवतारवाद व उनकी मूर्ति व अन्य सभी प्रकार से पूजा व उपासना आदि को अन्ध-विश्वास की संज्ञा दी। जिस प्रकार से विद्या व अविद्या, ज्ञान व अज्ञान शब्द हैं उसी प्रकार से विश्वास व अन्ध-विश्वास शब्द भी हैं। इसी प्रकार आस्था व अनास्था दो शब्द हैं। आस्था शब्द ज्ञान, विद्या, श्रद्धा व विश्वास के लिए प्रयोग में लाया जाता है और अनास्था, अन्धविश्वास, अज्ञान, अश्रद्धा व अविद्या के लिए प्रयोग में लाया है। ईश्वर निराकार व सर्वव्यापक है, इसमें उपासक व भक्त की आस्था का होना, सच्ची आस्था है व उसके विपरीत मूर्ति, किसी नदी, किसी मनुष्य व महापुरूष आदि में पूज्य व उपासना की बुद्धि व मानसिकता का होना अनास्था व अन्धी-श्रद्धा, अन्ध-विश्वास व अन्धी-आस्था कही जायेगी। अन्ध विश्वास व अनास्था या अन्धी-आस्था समानार्थक, एक दूसरे के पूरक व पर्यायवाची शब्द हैं। वेदों के आधार पर महर्षि दयानन्द ने संसार की सर्वांगीण उन्नति व कल्याण का एक सर्वोत्तम सिद्धान्त दिया है। **सिद्धान्त यह है कि अविद्या का नाश व विद्या की वृद्धि करनी चाहिये।** इस सिद्धान्त को आस्था के सन्दर्भ में कहें तो ***अनास्था, अन्धी-आस्था, अन्धविश्वासों का नाश करना चाहिये और सच्ची आस्था, सच्चे विश्वास, सच्ची श्रद्धा, सच्ची भक्ति व सच्ची उपासना की वृद्धि करनी चाहिये।*** हम समझते हैं कि इस सिद्धान्त से सारा देश व समाज अनभिज्ञ ही है।

शेष अगले अंक में...

इस मास के विशिष्ट व्यक्ति

## महर्षि दयानन्द के विद्यागुरु – स्वामी विरजानन्द दण्डी

(डॉ. रामप्रकाश जी लिखित जीवनी के एक प्रकरण का कुछ भाग)

### आर्षग्रन्थ – अभियान

युग–प्रवर्तक प्रज्ञाचक्षु विरजानन्द सरस्वती ने अपौरुषेय वेदों के अतिरिक्त शेष समूचे संस्कृत वाङमय को दो भागों में विभक्त कर दिया – आर्ष तथा अनार्ष। वैदिक काल के ऋषिप्रणीत ग्रन्थ आर्ष तथा महाभारतकाल के बाद की सामान्य मनुष्यों की लिखी पुस्तकें अनार्ष घोषित कर दी गईं। वे दो–चार श्लोक सुनकर ही बता देते थे कि यह शास्त्र आर्ष है अथवा अनार्ष। साथ ही उन्होंने सर्वसाधारण के लिए दोनों में भेद करने का सरलतम त्रिसूत्री नुस्खा दे दिया। पहला – आर्षग्रन्थ के शुभारम्भ में प्राय: **अथ** अथवा **ओ३म्** शब्द मिलता है, जैसे अष्टाध्यायी एवं महाभाष्य का आरम्भ **अथ शब्दानुशासनम्,** पूर्वमीमांसा तथा ब्रह्मसूत्र का क्रमश: **अथातो धर्मजिज्ञासा** तथा **अथातो ब्रह्मजिज्ञासा** और पातञ्जल योग सूत्र का **अथ योगानुशासनम्** से हुआ है। इसके विपरीत अनार्ष पुस्तकें **सरस्वतै नम:, नारायणाय नम:, श्रीगुरुचरणारविन्दाभ्यां नम:, दुर्गायै नम:** आदि किसी हिन्दू देवी–देवता की स्तुति में लिखें मंगलाचरण से आरम्भ होती हैं। दूसरा – सभी आर्षग्रन्थ सार्वभौम सत्य का प्रतिपादन करते हैं और संशयनाशक एवं लोकोपकारक हैं परन्तु अनार्षग्रन्थ भ्रकोत्पादक तथा साम्प्रदायिक संकीर्णता, द्वेष, घृणा एवं प्रमाद से भरे हुए हैं। इनमें परस्पर गहरा मतभेद है। तीसरा – आर्षग्रन्थों की टीकाएं सर्वसामान्य विमल – मति मनीषियों द्वारा लिखी गई हैं, यथा – पाणिनि की अष्टाध्यायी पर महाभाष्य टीका महर्षि पतंजलि की कृति हैं। अनार्ष पुस्तकों की टीकाएं सामान्य सांसारिक व्यक्तियों ने लिखी हैं।



दण्डी जी केवल आर्षग्रनथों को प्रमाण और सभी अनार्षग्रन्थों को अप्रमाणिक मानते थे। उनकी दृष्टि में वेदों की इतनी प्रतिष्ठा थी कि वे वेद को सूर्यवत् स्वत: प्रमाण स्वीकार करते थे। उनका मत था कि भारत – भूमि में हो रहे अनेक प्रकार के अनर्थ का कारण ये अनार्षग्रन्थ हैं। इनमें शब्दाडम्बर अधिक और सार बहुत कम है। इन मनुष्यकृत ग्रन्थों और भाष्यों के प्रचलन से अनेक आर्षग्रनथों का लोप तथा शेष बचे ग्रन्थों का अध्ययन – अध्यापन समाप्त हो गया जिससे धर्म की क्षति हुई है, अनेक मतमतान्तर फैले हैं, और मूर्तिपूजा आदि प्रथाओं का प्रचलन हुआ है। अत: देशोद्धार के लिए आर्षग्रनथों का प्रचार अनिवार्य है। आर्षग्रन्थों के प्रामाण्यवाद का प्रतिपादन दण्डीजी का एक क्रान्तिकारी आविष्कार है। आर्ष ग्रन्थों की उपादेयता पर बल देना उनकी विशिष्ट देने है। मनुष्यकृत पुस्तकों को ऋषिकृत ग्रन्थों से पृथक् कर शास्त्र मर्यादा स्थापित करने का प्रयास उनसे पहेले शायद ही किसी ने किया हो। शंकर, रामानुज, आदि किसी भी आचार्य ने कभी यह घोषणा नहीं की कि संस्कृत में लिखे होने मात्र से ग्रन्थ प्रमाणिक नहीं हो जाता।

इस मुद्दे को इतान महत्व देने का क्या कारण था? ग्रन्थ आर्ष है या अनार्ष – इस पर इतना बल क्यों दिया गया ? धार्मिक क्षेत्र में इसकी क्या उपादेयता है ? अनार्षग्रन्थों का प्रचलन रहेने से हानि क्या थी ? यह बहस केवल शास्त्रीय थी या सामान्य जनजीवन से भी इसका कोई सम्बन्ध था? यह उस समय के केवल कुछ विद्वानों के अहम् की तुष्टि मात्र थी या आज भी इसकी प्रासंगिकता है ? ये प्रश्न सहज मस्तिक में उभरते हैं।

अंग्रेजी राज्य से पूर्व भारत में आजकल जैसा कोई संविधान न था। सब व्यवस्था ऋषिप्रणीत ग्रन्थों के आधार पर चलती थी। तब ये ग्रन्थ ही विधान थे, ये ही संविधान। राजा तथा प्रजा के अधिकारों एवं कर्तव्यों का सीमा–निर्धारण इन्हीं के आधार पर होता था। सभी धार्मिक, नैतिक एवं सामाजिक निर्णयों का एकमात्र आधार ये ग्रन्थ ही थे। इन्हीं ग्रन्थों से जनजीवन प्रभावित एवं व्यवस्थित होता था। भारतीय जीवन एवं संस्कृति के मूलाधार ये ही ग्रन्थ थे। ये ही भारतीयों को उनकी विशिष्ट पहचान प्रदान करते थे। इनके आधार पर जीवनयापन करने वाले भारतीयों से विश्व के लोग शिक्षा लेते थे। तब सामान्य मनुष्यों द्वारा लिखी व्यवस्थाओं का ऋषिप्रणीत नियमों के तुल्य नहीं माना जाता था। आर्ष युग में अनधिकारी व्यक्ति न प्रवचन कर सकता था, न ग्रन्थ रचना। ऋषि भी अपने पूर्ववर्त्ती शास्त्रों को देश, काल और परिस्थिति के अनुरूप बनाने के लिए संस्कृत एवं परिष्कृत करते थे परन्तु बाद में वेदज्ञान के अभाव तथा आर्ष ज्योति के क्षीण होने पर विभिन्न लोगों ने अपनी – अपनी सोच के अनुसार अनार्ष ग्रन्थ लिख दिए। इन अनार्षग्रनथों के कारण धार्मिक, सामाजिक एवं दार्शनिक चिन्तन में संकीर्णता, पापाचार, ईश्वराराधना के नाम पर बाह्य आडम्बर तथा अगणित पन्थ एवं सम्प्रदाय फैले। श्रीकृष्ण सदृश आप्तपुरुष पर मिथ्या दोषारोपण हुआ। अत: मनुष्यकृत ग्रन्थों की बाढ रोकना जरूरी था अन्यथा तब भी आज जैसी स्थिति हो जाती। आजकाल व्यक्ति जो चाहे लिख दे – पूरी छूट है। इसीलिए साहित्य–सृजन के नाम पर अश्लीलता का प्रचार है। लिपिबद्ध गाली को लोक–साहित्य की संज्ञा दी जाती है। कोई नैतिक मर्यादा बची नहीं है। विकासवादी मनुष्य ऋषित्व की अपेक्षा पशुता की ओर अग्रेसर है। उसका स्वरूप ही बदल गया है। दण्डीजी का आर्षग्रनथ अभियान अवैदिक मतों का फैलाव रोकने और नैतिक एवं सामाजिक व्यवस्था बनाए रखने की दिशा में आज भी उतना ही प्रासंगिक है। जिस तरह वर्तमान काल में संविधान एवं विधान की व्याख्या तथा विश्लेषण के लिए प्रत्येक देश में प्रत्येक स्तर पर विधि–वेत्ताओं का एक बृहद् वर्ग है, उसी प्रकार तब भारत में शास्त्र–व्याख्या प्रस्तुत करने वाला ब्राह्मण समुदाय था। शास्त्र की शुद्धता, प्रामाणिकता, व्याख्या एवं व्याख्या–शैली महत्त्वपूर्ण थीं। शास्त्रों की शुद्धता परखने, विश्लेषण एवं व्याख्या करने के लिए व्याकरण सहायक था। अत: व्याकरण–ग्रन्थ भी तो आर्ष होना चाहिए।

## दर्शन योग महाविद्यालय, आर्यवन, रोजड (गुजरात) में

# सघन साधना शिविर

आध्यात्मिक ज्ञान–विज्ञान–पिपासु, समाधि, वैराग्य, तत्त्वज्ञान के अभिलाषी, आत्मकल्याण के इच्छुक, अध्ययन–स्वाध्याय–प्रेमी, भद्रशील महानुभावो!

आपके प्रिय दर्शन योग महाविद्यालय, आर्यवन विकास फार्म ट्रस्ट, रोजड में योगाभ्यास के पथ पर आरोहण, प्रगति, सकल क्लेश के प्रक्षालन या अन्त:करण की परिशुद्धि, ऐहिक सुख–शान्ति एवं आत्मा व परमात्मा की प्राप्ति हेतु वैदिक दर्शनों के आधार पर एक वर्ष के लिए **स्वामी ब्रह्मविदानन्द सरस्वती जी**, आचार्य, दर्शन योग महाविद्यालय की अध्यक्षता में **सघन साधना शिविर** के नाम से एक आध्यात्मिक ज्ञान गंगा की धारा तिथि आश्विन शु ७/२०७१ से आश्विन कृ. ३/२०७२ तक तदनुसार **१ अक्टूबर २०१४ से ३० सितम्बर २०१४** तक प्रवाहित होने जा रही है। इस शिविर के लिए विद्यालय के संस्थापक **पूज्य स्वामी सत्यपति जी महाराज** का आशीर्वाद व शुभकामनाएँ भी प्राप्त हैं।

आपसे निवेदन है कि इस पुनित अवसर को अपने जीवन से सम्बद्ध करें। परम पिता की महती कृपा से आपको पर्याप्त सफलता मिलेगी। क्योंकि जब हम अच्छा बनने के लिए तैयार हो जाते हैं और पुरुषार्थ आरम्भ कर देते हैं तब ईश्वर की प्रेरणा से अच्छी बातों का ज्ञान हमारे हदय में उत्पन्न होने लगता है। पुन: तदनुकूल उपलब्धि से सम्पन्न हो जाते हैं।

जैसा कि आप को विदित होगा स्वामी ब्रह्मविदानन्द सरस्वती जी ने अज्ञातवास में रहते हुए लगभग डेढ वर्ष मौन–साधना में व्यतीत किया जिसके परिणाम स्वरूप उन्हें योग की उत्कृष्ट उपलब्धियाँ हुई हैं। उनके इन विशेष उपब्धियों का लाभ शिविरार्थीगण भी प्राप्त कर सकेंगे।

शिविर में प्रवेश हेतु शिविरकाल तक के लिए प्रत्येक शिविरार्थी से निम्नलिखित छ: बातें सामान्य रूप से अनिवार्यतया अपेक्षित रहेंगी –

१. पूरे काल तक विद्यालय में रहना होगा। मध्य में कोई अवकाश नहीं होगा।

२. किसी भी व्यवसाय, अधिकार या पारिवारिक दायित्व से सम्बद्ध नहीं रहेंगे।

३. विशेष निमित्त के बिना दूरभाष आदि से बाह्य व्यक्ति से कोई सम्पर्क नहीं रखेंगे।

४. पूरे वर्ष मौन रहना होगा। परस्पर में वार्त्तालाप हेतु कक्षा आदि से अतिरिक्त काल में एक घण्टे का दैनिक अवकाश रहेगा।

५. योग, सांख्य और वैशषिक इन तीन दर्शनों में से कोई एक दर्शन विधिवत पढे हुए हों।

६. स्वस्थ एवं दिनचर्या पालन में समर्थ हों। किसी सेवक पर आश्रित न हों।

शिविर में माताएं व बहनें भी भाग लें सकती हैं। आवेदन की अन्तिम तिथि **१५ अगस्त २०१४**। शिविर में भाग लेने के इच्छुक आवेदक शीघ्र सम्पर्क करें। स्थान सीमित है और स्वीकृति मिलने पर ही प्रवेश सम्भव होगा। ब्रह्मचारी एवं संन्यासियों हेतु शिविर नि:शुल्क होगा।

**विशेष द्रष्टव्य** : आंशिक या श्रोता के रूप में शिविर में भाग लेने वाले व्यवस्थापक से सम्पर्क करें। वे अपनी व्यवस्था के अनुसार अनुमति दे सकेंगे। स्थान सीमित होने के कारण पूर्व सूचना व स्वीकृति के उपरान्त ही पधारें। मो. **094094 15011, 09409415017**, फो. **02770 287418.**

**અનુસંધાન પાના નં. ૫ નું ચાલુ...**

**આર્યસમાજ હાથીખાના રાજકોટ :** શ્રાવણી ઉપાકર્મ સંપન્ન થયું. જેમાં આર્યસમાજનાં સદસ્યો પરિવાર સહિત ઉપસ્તિ રહ્યા હતા.


**આર્યસમાજ કાંકરિયા અમદાવાદ :** શ્રાવણી ઉપાકર્મ પર્વ ઉત્સાહ પૂર્વક ઉજવવામાં આવ્યું. બહોળી સંખ્યામાં ભાઇ-બહેનોએ લાભ લીધો હતો.

**આર્યસમાજ જામનગર :** શ્રાવણી ઉપાકર્મ આર્યસમાજના પ્રમુખ શ્રી પ્રેમજીભાઇ રાણાની અધ્યક્ષતામાં સમ્પન્ન થયું. ઉપાકર્મ વિધિ પં. શ્રી ચંદ્રપ્રકાશ શાસ્ત્રી દ્વારા કરાવ્યો જેમાં ૨૦૦ જેટલાં આર્ય ભાઇ-બહેનોં એ ભાગ લીધો. મુખ્ય વક્તા શ્રી રવીશ આર્ય હતા. તેઓએ આજના પર્વનું મહત્વ સમજાવતા કહ્યું કે : શ્રાવણીએ ઋષિ તર્પણનું પર્વ છે. આજના દિવસે દરેકે સ્વાધ્યાયશીલ બનાવાનો સંકલ્પ લેવો જોઇએ. એજ સાચું ઋષિ તર્પણ છે. તેમજ આજનો દિવસ ઇતિહાસ સાથે પણ સંબંધ ધરાવે છે. ઇ.સ. ૧૯૩૯ માં નિઝામ હૈદ્રાબાદ સામે આર્યસમાજે કરેલા સત્યાગ્રહનો વિજય દિવસ છે. જેને સફળ બનાવવામાં ૨૮ આર્યોએ શહીદી વ્હોરી હતી. આ પ્રસંગે શ્રી મહેશભાઇ રામાણીએ મહર્ષિ દયાનંદની મહિમાનું ગીત સંભળાવ્યું હતું.


# આવો, પરિચય કરીએ...
# મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...

**પુસ્તકનું નામ : ભાગવત ખંડનમ્**

**રચના કાળ : સંવત્ - ૧૯૨૩, મૂળ ભાષા - સંસ્કૃત**



## :: ભાગવત ખંડનમ્ ::




**પરિચય :** વૈષ્ણવ સંપ્રદાયમાં શ્રીમદ્ ભાગવત ગ્રન્થ વિશેષ માન્યતા ધરાવે છે. મહર્ષિ દયાનંદ શ્રીમદ્ ભાગવત્ વિશે પોતાનાં પ્રવચનોમાં ખૂબ ખંડન કરતા હતા. શ્રીકૃષ્ણના જીવનને લાંછન લાગે તેવા પ્રસંગો શ્રીમદ્ ભાગવત્માં વર્ણવામાં આવેલ છે. આથી મહર્ષિ દયાનંદ આ ગ્રન્થની સમીક્ષા પોતાના પ્રવચનો અને અન્ય ગ્રન્થોમાં કરતા હતા અને આપ્ત પુરુષ શ્રીકૃષ્ણના વાસ્તવિક ઉજળા ચરિત્રને લોકો સમક્ષ મુકતા હતા.

ભાગવત્ ખંડનમ્નો હિન્દી અનુવાદ પં. યુધિષ્ઠિર મીમાંસકજીએ કર્યો હતો. આ પુસ્તક પ્રાપ્ય છે.

# આર્યસમાજોમાં શ્રાવણી ઉપાકર્મ પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ...

**આર્યસમાજ નડિયાદ :** તા.૧૦-૮-૨૦૧૪ રવિવારના રોજ સવારે ૧૦થી૧૨ કલાકે શ્રાવણી ઉપાકર્મ પર્વની પંચકુડી યજ્ઞ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.યજ્ઞના બ્રહ્મા તરીકે આર્યસમાજ - નડીઆદનાં પં. શ્રી દિનેશચંદ્ર આર. આચાર્ય તથા પુરોહિત તરીકે પં. પ્રિતેશ શાસ્ત્રી, શ્રી જયેશ ઉપાધ્યાય, શ્રી વાસુદેવ શાસ્ત્રી હાજર રહ્યાં હતાં.

મુખ્ય યજમાન તરીકે ગુરૂકુળ સોનગઢના સ્નાતક આર્યશ્રેષ્ઠી, સમાજસેવી માન-શ્રી ભારતસિંહજી પરમાર તથા શ્રી સુભાષભાઇ આચાર્ય તેમજ ટ્રસ્ટીગણ, ધાર્મિક ભાઇઓ-બહેનો તથા વરિષ્ઠ પત્રકાર શ્રી ગૌતમભાઇ બ્રહ્મભટ્ટ, શ્રી ચંદ્રશેખર અજીતસિંહ ડાભીએ આ શુભપ્રસંગે ઉપસ્થિત રહી શ્રાવણી પર્વની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

શ્રાવણી પર્વ પ્રસંગે ખાસ આમંત્રિત આર્ષ અરણ્યમ્ ના સ્વામી મુદિતવદનાનંજી સરસ્વતીએ પ્રવચનમાં જણાવેલ આનંદ આશ્રમ ડાકોર રોડ પર છે. જેમાં સતત વૈદિક આર્ય વિદ્યાની પ્રવૃતિ ચાલે છે. જેમાં સંસ્કૃત પઠનનાં ક્લાસીસ, સંગીત વિદ્યા, તથા યોગાદિ પ્રવૃત્તિ થાય છે. મારાં ગુરુજીનું નામ પણ સ્વામી દયાનંદ સરસ્વતી છે.

હું આર્યસમાજી છું આર્ય ધર્મ સંસ્કૃતિ અમારાં પરિવારમાં રહી છે.

અહીં જે સાક્ષરભૂમિમાં આર્યસમાજ-નડીયાદ દ્વારા આવાં વેદોનાં પ્રચાર-પ્રસાર થઇ રહ્યો છે. તે જાણી હું આનંદ અનુભવી રહ્યો છું. આશ્રમમાં આર્યસમાજ તરફથી આવા કાર્યો માટે જગ્યા છે. જેમાં અનેક વિધ કાર્યો કરી વૈદિક-પ્રચાર પ્રસાર કરી શકો છો. આશ્રમની જગ્યા સર્વના માટે છે. ધાર્મિક પ્રવૃતિ કરી સમાજનો બહોળો પ્રચાર થાય તેવું જણાવેલ.

અંતે શાંતિપાઠ જયઘોષ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો ત્યાર બાદ પ્રીતિભોજનાદિ (મહાપ્રસાદ) ની વ્યવસ્થા આર્યસમાજ-નડીયાદ દ્વારા રાખેલ હતી.

**ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ :** તા.૧૦-૮-૨૦૧૪ ને રવિવારના રોજ આર્યોના પ્રાચીનતમ પવિત્ર શ્રાવણી ઉપાકર્મ કાર્યક્રમનું આયોજન શ્રદ્ધા-ભક્તિપૂર્વક પરંપરાગત રીતે વૈદિક પદ્ધતિથી કરવામાં આવ્યું. આ પાવન પર્વ પ્રસંગે ચરોતરના સેંકડો આર્યજનો, વિવિધ હાઇસ્કૂલના વિદ્યાર્થી ભાઇ-બહેનો તેમજ તેમના વાલીઓ અને શિક્ષક બંધુઓ તેમજ આમંત્રિત મહાનુભાવોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શ્રાવણી પર્વની શરૂઆત વૈદિક સંધ્યાથી કરવામાં આવી. ત્યાર બાદ જનોઇ ધારણ કરવાની વિધિ ધર્માચાર્ય પં. વિજયકુમાર આર્ય (સિદ્ધાન્તાચાર્ય) તથા પં.કનુપ્રસાદ શાસ્ત્રીના સંયુક્ત બ્રહ્મત્વમાં વૈદિક મંત્રોચ્ચારપૂર્વક કરાવવામાં આવ્યો. યજ્ઞની સમાપ્તિ પછી યજ્ઞ પ્રાર્થના તથા વૈદિક આરતીનું સામૂહિક ગાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત બ્ર. દિનેશકુમારજીએ પોતાનું વ્યકતવ્ય રજુ કરતા જણાવ્યું કે આજે જનોઇ બદલીને નવી જનોઇ ધારણ કરી છે તે આપણાં સૌ માટે આનંદની વાત છે. આપણાં જીવનમાં વ્રત હોવા જોઇએ. વૈદિક ધર્મ પ્રમાણે પાંચ મહાવ્રતોનું પાલન કરવું જોઇએ. જેના જીવનમાં વ્રત નથી તે મનુષ્ય નથી. વેદ કહે છે - **અવ્રતો અમાનુષઃ.** વેદશાસ્ત્ર મુજબ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ પાંચ મહાવ્રત છે. શબ્દ એના એ જ છે તેના અર્થ આજકાલ બદલાઇ ગયા છે. આજે તીર્થનો સંબંધ સ્થળ અને જળ સાથે જોડાઇ ગયો છે. તીર્થની પરિભાષા છે જેનાથી ભવસાગર, દુઃખસાગરથી તરી જવાય તે તીર્થ છે.

વિદ્યાર્થી જીવનનું લક્ષ હંમેશા ઊંચું હોવુ જોઇએ ૧૦૦ ટકા. લક્ષ ઊંચુ હશે તો પરિણામ સારુ મળશે. પણ વિદ્યાર્થી જીવન અથાગ પરિશ્રમ વાળું હોવું અનિવાર્ય છે. કાકચેષ્ટા, બકોધ્યાનં, શ્વાન નિંદ્રા, અલ્પાહારી, ગૃહત્યાગી, પંચમં વિદ્યાર્થી લક્ષણમ્. શ્લોકનો વિસ્તારથી અર્થ સજાવ્યો હતો.

વકતવ્ય બાદ બ્ર. દિનેશકુમારજીના હસ્તે આણંદના જાણીતા યોગાચાર્ય હાડવૈદ્ય શ્રી સુરેશચંદ્રજી ભટ્ટનું પ્રતિકૃતિ તથા બ્રહ્મમેધા પુસ્તક અર્પણ કરીને જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થી ભાઇ-બહેનોનો બૌદ્ધિક વિકાસ થાય અને ઈતર પ્રવૃત્તિમાં રસ લેતા થાય તેવા ઉમદા હેતુથી સંસ્થા દ્વારા છેલ્લા ૨૮ વર્ષથી દર વર્ષે વર્ષમાં બે વખત ચરોતર પ્રદેશની વિવિધ હાઇસ્કૂલોમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ હાઇસ્કૂલોમાં **વિદ્યાર્થી જીવનનું લક્ષ** વિષયે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૫ હાઇસ્કૂલોના વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો. નિબંધ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય આવનાર વિદ્યાર્થી ભાઇ - બહેનોને સંસ્થા તરફથી પ્રમાણપત્ર - પાંચ વૈદિક પુસ્તકોનો સેટ તથા ઇનામ બ્ર. દિનેશકુમારજીના હસ્તે ભેટ આપવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ સંસ્થાના માનદ્મંત્રી શ્રી આર્કિ. અશોકભાઇ પટેલની દેખરેખ અને માર્ગર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

**આર્યસમાજ, ટંકારા :** શ્રાવણી ઉપાકર્મ વિધિનો પ્રારંભ યજ્ઞથી કરવામાં આવ્યો. ત્યાર બાદ ઉપાકર્મ - જનોઇ બદલાવામાં આવી. સૌ એ વ્રતગ્રહણનાં મંત્રોચ્ચાર સાથે આહુતિઓ આપી અને વેદપ્રચાર કાર્ય, સ્વાધ્યાય કરવો વગેરેનાં સંકલ્પ લીધાં. આ પ્રસંગે આર્યસમાજ ટંકારાના પ્રમુખ માનનીય શ્રી અમૃતલાલભાઇના હસ્તે ઓમ ધ્વજોત્તાલન કરવામાં આવ્યું આર્યસમાજના સદસ્યો અને આર્યવીરો હાજર રહ્યા હતાં.

સમગ્ર વિધિ પં. સુવાસ શાસ્ત્રીના બ્રહ્મા સ્થાને સંપન્ન થઇ. સંચાલન મંત્રી શ્રી હસમુખભાઇ પરમારે કર્યું.

**આર્યસમાજ વડોદરા :** શ્રાવણી ઉપાકર્મ પર્વ ઉજવવામાં આવ્યું. જેમાં આર્યપરિવારોએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે સ્વામી મોક્ષાનન્દજી, શ્રીમતી યોગેશ્વરી શર્મા, મુનિ કમલેશ બહેન વગેરે હાજર રહ્યા હતાં. બહેનોએ ભાઇઓને રાખડી બાંધી હતી. તેમજ તા. ૧૫-૧૬-૧૭ ઓગષ્ટના વેદ વ્યાખ્યાન માળાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે બ્ર. દિનેશકુમાર (રોજડ) હાજર રહ્યા હતા, અને ઇશ્વર, ધર્મ અને પરિવારમાં આપણાં કર્તવ્યો એ વિષયે પ્રવચનો આપી જ્ઞાન લાભ આપ્યો હતો.

આ પ્રસંગે મુખ્ય અતિથિ ડૉ. હસમુખભાઇ પટેલના હસ્તે અપંગ સહાય તરીકે જરૂરિયાતમંદને ટ્રાયસિકલ અને વોકર ભેટ આપવામાં આવેલ હતા, વયોવૃદ્ધ પુરુષોત્તમભાઇ ઠાકર અને શ્રી અર્જુનભાઇ વેલાણીનું સન્માન કરવામાં આવેલ હતું.

અનુસંધાન પાના નંબર : ૪ પર

## સંક્ષિપ્ત સમાચાર...

## પુરોહિત ચિંતન અને પ્રશિક્ષણ શિબિર (દ્વિતીય) જીવન પ્રભાત, ગાંધીધામ (કચ્છ) ખાતે યોજાશે

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા ગુજરાતની આર્યસમાજોમાં પુરોહિત તરીકે સેવા આપતા તમામ માટે ચિંતન અને પ્રશિક્ષણ શિબિર (દ્વિતીય) આગામી તા.૧૬-૯-૨૦૧૪ થી ૧૯-૯-૨૦૧૪ સુધી જીવન પ્રભાત, સેકટર - ૭, ગાંધીધામ (કચ્છ) ખાતે રાખવામાં આવેલ છે. જેઓ ગત શિબિરમાં ભાગ લીધેલ છે તેઓ ઉપરાંત જેઓ ભાગ લઇ શક્યા નથી તેમજ જેઓને પુરોહિત કાર્યમાં રૂચિ છે તેઓ પણ ભાગ લઇ શકશે.

આ શિબરિનો મુખ્ય વિષય **સંસ્કાર વિધિ** રહેશે. જેને નીચે મુજબના પેટા વિષયોમાં વહેંચવામાં આવેલ છે.

૧. સંસ્કારોનું મહત્વ ૨. સંસ્કાર વિધિ અને વ્યક્તિત્વ વિકાસ ૩. સંસ્કાર વિધિ અને આરોગ્ય ૪. સંસ્કાર કર્મમાં એકરૂપતા ૫. સામાન્ય જનતામાં સંસ્કારોનું પ્રચલન વધારવાનાં ઉપાયો ૬. સંસ્કૃત સંભાષણ પ્રશિક્ષણ

શિબિર શુલ્ક રૂા.૫૦૦/- રાખવામાં આવેલ છે. શિબિરમાં પૂર્વજ્ઞાન કસોટી અને શિબિરાન્ત કસોટી લેવામાં આવશે.

શિબિર સ્થળે તા. ૧૬-૯-૧૪ ના રોજ બપોરે ૧૨-૦૦ વાગ્યા સુધીમાં પહોંચવાનું રહેશે. આગમનની જાણ તુરંત કરવી

વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા આમંત્રણ છે.

સુરેશચન્દ્ર અગ્રવાલ (સભા પ્રધાન) હસમુખ પરમાર (સભા મંત્રી)
મો.૯૮૭૯૩ ૩૩૩૪૮

## આર્યસમાજ હાથીખાના, રાજકોટ દ્વારા વેદપ્રચાર સપ્તાહ સંપન્ન

પ્રતિ વર્ષાનુસાર આર્યસમાજ, હાથીખાના, રાજકોટ દ્વારા વેદપ્રચાર સપ્તાહ શ્રાવણ સુદ- ૧ થી ૭ સુધી ઉજવવામાં આવ્યો. આચાર્ય વિદ્યાદેવજીના બ્રહ્માસ્થાને યજુર્વેદ પારાયણ મહાયજ્ઞ રાખવામાં આવ્યો. આર્યસમાજના નવા ભવન માયાણી નગર ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં દરરોજ સવાર-સાંજ બે-બે કલાક માટે પારાયણ યજ્ઞ રહેતો. જેમાં પૂ. આચાર્યજી દ્વારા વેદ મંત્રોની વ્યાખ્યા કરવામાં આવતી હતી. પ્રતિદિન બંને સમય ત્રણ યજ્ઞ કુંડો પર અલગ-અલગ યજમાનો બિરાજતા હતા. વેદ પાઠી તરીકે ઉપદેશક મહાવિદ્યાલય ટંકારાનાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં.

વેદ પ્રચાર સપ્તાહની પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં ઉપદેશક વિદ્યાલય ટંકારાના આચાર્ય રામદેવ શાસ્ત્રી, ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના મંત્રી હસમુખભાઇ પરમાર, શ્રી વાચોનિધિ આર્ય (ગાંધીધામ) વગેરે હાજર રહ્યા હતા.

વેદ સપ્તાહને સફળ બનાવવા આર્યસમાજનાં કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી. સંચાલન મંત્રી શ્રી રણજીતસિંહ પરમારે કર્યુ હતું.

## આર્યવીર દળ ગુજરાતનો શીતકાલીન શિબિર વડોદરા ખાતે યોજાશે...

### આર્યવીરો બહોળી સંખ્યામાં ભાગ લે...

આર્યવીર દળ, ગુજરાતનો પ્રાંતીય કક્ષાનો શીતકાલીન પ્રશિક્ષણ શિબિર આગામી તા.૨૭-૧૦-૧૪ થી ૨-૧૧-૧૪ સુધી આર્યસમાજ વડોદરાના સૌજન્યથી શ્રી ફતેહસિંહ આર્ય અનાથાશ્રમ, સરદાર છાત્રાલય સામે, આત્મારામ માર્ગ, કારેલી બાગ, વડોદરા - ૩૯૦૦૧૮ (ફોન: ૦૨૬૫-૨૪૯૧૪૯૬) ખાતે રાખવામાં આવેલ છે. જેમાં ૧૩ થી ૨૦ વર્ષની વયના આર્યવીરો ભાગ લઇ શકશે. આ શિબિરમાં **આર્યવીર** અને **શાખા નાયક** શ્રેણીનું પ્રશિક્ષણ નિષ્ણાંત શિક્ષકો દ્વારા આપવામાં આવશે.

શિબિરાર્થીએ તા.૨૭-૧૦-૧૪ ના રોજ સવારે ૧૧-૦૦ સુધીમાં શિબિર સ્થળે પહોંચવાનું રહેશે. શિબિરાર્થીએ ગણવેશ (ખાખી ચડ્ડી, સફેદ શર્ટ, સફેદ સેન્ડો ગંજી, સફેદ કેનવાસ સુઝ, સફેદ મોજાં) તથા ઓઢવા માટે ચાદર, સાદાં કપડાં, ન્હાવાનો સામાન, દંતમંજન, નોટબૂક, પેન સાથે લાવવાના રહેશે.

શિબિર ફી રૂા.૨૦૦/- તથા પ્રવેશપત્ર શિબિર સ્થળે જમા કરાવવાનું રહેશે.

આવવા અંગેની જાણ ભાગ લેનારની સંખ્યા સાથે મોબા.૯૮૭૯૩ ૩૩૩૪૮ અથવા ૯૬૮૭૦ ૦૧૦૩૩ માં કરવી. વધુ માહિતી માટે પણ ઉપરોક્ત ફોનથી મળી શકશે.

## श्राद्ध और तर्पण – ललित साहनी

श्रद्धा से जो कर्म हैं करते, श्राद्ध उसी को कहते हैं
वेद विहित पितरों की तृप्ति को तर्पण ही कहते हैं।।

वृक्ष पहाड और नदी समुन्दर की सेवा ना तर्पण है।
किन्तु सुश्रुषा सेवा जो जीवित पितरों की तर्पण है।
वेद विरुद्ध जो चले पाखण्डी पथ से भ्रमित वो करते हैं।।
श्रद्धसे जो...

जीवित मातपिता की सेवा ही सच्चा तर्पण और श्राद्ध
इसी में निहित है सत्यव्रती फल जो है ईश्वर से ही प्राप्त
बिन श्रद्धा के किये धर्म कर्म सदा ही निष्फल रहते हैं।।
श्रद्धसे जो...

मृत्यु बाद तो मात पिता को देह विहीन ही पाया है
फिर भोजन आच्छादन कैसा जब उनकी ना काया है
अकल के अन्धे बनो कभी ना ज्ञानी जन ये कहते हैं।।
श्रद्धसे जो...

तिरस्कार ना करो कभी भी मातपिता ऋषि आचार्यों का
प्राप्त करो आशीष प्रेरणा लाभ हो उनके सद्कार्यों का
हृदय सदा निष्काम हैं जिनके वो नि:स्वार्थ ही रहते हैं।।
श्रद्धसे जो...

दूर रहो बगुला भक्तों से फैलाते जो अन्धविश्वास
करो भी ना सत्कार तुम इनका उलटा कर दो पर्दाफाश
ऋषियों की प्राचीन पद्धति ज्ञानी माना करते हैं।।
श्रद्धसे जो...

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | ન | | હ | | મા | | વી | |
| અ | | | બિ | | | | જ | | |
| | ભા | | | દ્ર | | | ■ | 2 | |
| 3 | હ | | | | દ | | નં | | |
| 4 જ | | એ | | જા | | ■ | 5 | | |
| 6 | દે | | | | મ્ | ■ | 7 3 | | A |
| 8 | | ગ | | મ | | ■ | 9 | | |
| 10 શિ | | રા | | | રી | રા | | | રુ |

**દરેક આડી લાઇન :**

૧. એવાં નામોમાંથી ત્રણ નામ જેને ભારત રત્નથી સન્માનવા સરકાર વિચારી રહી છે. (૧૦, ૧૦, ૭)
૨. તહેવારને સંસ્કૃતમાં શું કહેવાય છે? (૨)
૩. આ મહાપુરુષને સન્માન આપવું એ અપમાન બરાબર છે. (૯)
૪. સ્વાતંત્ર્ય દિન પર્વને મીડિયા ક્યા ઉર્દુ નામથી પ્રોગામ બતાવે છે. (૬)
૫. આર્યાવર્ત-ભારત-હિન્દુસ્થાન-ઇન્ડિયા દસ્તાવેજમાં પ્રથમ નામ કયું છે. (૬)
૬. આઝાદી મળ્યાના ૫૦ વર્ષ પછી આ ગીત સંસદમાં ગવાયું ... (૬)
૭. સંવિધાનની કઇ ધારા મુજબ વિદ્યાલયોમાં ગીતા-રામાયણ જેવાં ગ્રંથો ભણાવવાની છૂટ નથી. (૩)
૮. એક વ્યક્તિને ખુશ કરવા રવીન્દ્રનાથ ટાગોરે કરેલ રચના. (૬)
૯. ધારા ૩૭૦ ક્યા રાજ્યને વિશેષ દરજ્જો આપે છે. (૩)
૧૦.૨૪ ઓગષ્ટ ૧૯૦૮, ૨૩ માર્ચ ૧૯૩૧ ક્યા અમર શહીદનું જીવન રહ્યું છે. (૧૦)

આ માસના શબ્દકોઠાનો ઉકેલ આવતા અંકે આપવામાં આવશે, તારીખ ૨૫ સુધીમાં સાચો જવાબ મોકલનારનાં નામ પ્રસિદ્ધ કરવામાં આવશે.

## चाणक्य नीति (प्रथमोऽध्याय:)

(१०)

यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिषेवते।
ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव च।।

**भावार्थ :** जो स्थिर व्यवसाय आदि कार्यों का परित्याग कर, अस्थिर कार्यों को करता है तो उसके स्थिर कार्य भी नष्ट हो जाते हैं और अनस्थिर कार्य तो नष्ट होते ही हैं।

**(पद्यार्थ) ।। दोहा ।।**

जो स्थिर को छोडकर, करे अनस्थिर ठाट।
धोबी का कुत्ता बने, घर का रहे न घाट।।

------------------------------

(११)

वरयेत् कुलजां प्राज्ञो विरूपामपि कन्यकाम्।
रूपवतीं न नीचजां विवाह: सदृशे कुले।।

**भावार्थ :** अच्छे कुल में उत्पन्न गुणवती रूपहीन कन्या से विवाह कर ले, पर नीच कुल में उत्पन्न अत्यन्त सुन्दरी कन्या से भी विवाह न करे। विवाह सदैव समान कुल में ही करना चाहिए।

**(पद्यार्थ) ।। दोहा ।।**

मतिमान सुन्दर रूप ना, गुण की करे नित कामना।
जो कुल नहीं बस रूप देखे, मुर्ख उसको मानना।।

------------------------------

## આર્યસમાજ-રાજકોટ દ્વારા મહિલા યોગ શિબિર યોજાશે....

**આર્યસમાજના નવા ભવન માયાણી નગર ખાતે આગામી તા.૧૨ થી ૧૪-૯-૨૦૧૪ સુધી મહિલા યોગ શિબિર યોજાશે.**

**આપના સમાચાર પત્ર દ્વારા નીચેના સરનામે મોકલવા વિનંતી.**
**આર્યસમાજ, ત્રણ હાટડી, ટંકારા.**
**જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦**

## ::: આર્યવૈદિક દર્શન અંગે સૂચના :::

– આર્યવૈદિક દર્શનનું નવા વર્ષ ૨૦૧૪-૧૫ નું વાર્ષક લવાજમ રૂા. ૧૦૦/- દરેક ગ્રાહકોને મોકલી આપવા વિનંતી.

– જે ગ્રાહકોનું પાછલા વર્ષનું લવાજમ બાકી હોય તેમણે બે વર્ષનું લવાજમ સાથે મોકલવું.

– લવાજમ મનીઓર્ડર વડે જ નીચેના સરનામે મોકલવું.

**પ્રવીણભાઇ ઠાકર**
વ્યવસ્થાપક
આર્ય વૈદિક દર્શન
આર્યસમાજ, મહર્ષિ દયાનંદ માર્ગ, હાથીખાના,
**રાજકોટ**

**આપના સમાચાર અને ફોટોગ્રાફ નીચેના ઇ-મેઇલ આઇડી પર મોકલવા નમ્ર વિનંતી.**
alpaprinters@yahoo.com
geniuscomputertankara@gmail.com
aryasamaj.tnk@gmail.com

**ગુજરાત પ્રાન્તીય આર્ય પ્રતિનિધિ સભાનું ઇ-મેઇલ એડ્રસ**
gujaratsabha@gmail.com

## શબ્દકોઠાનો ઓગષ્ટ –૧૪ નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બ્ર | હ્મ | ચ | ર્ય | ■ | 2 આ | યુ | ર્વે | દ | ■ |
| ગૃ | હ | સ્થ | ■ | ■ | ધ | નુ | ર્વે | દ | |
| વા | ન | પ્ર | સ્થ | ■ | ગાં | ધ | ર્વ | વે | દ |
| સં | ન્યા | સ | ■ | ■ | અ | ર્થ | વે | દ | ■ |
| ■ | ■ | ■ | ■ | ■ | 4 ઋ | ગ્વે | દ | ■ | ■ |
| 3 સા | ત્વિ | ક | ■ | ■ | અ | થ | ર્વ | વે | દ |
| રા | જ | સિ | ક | ■ | ય | જુ | ર્વે | દ | ■ |
| તા | મ | સિ | ક | ■ | સા | મ | વે | દ | |


# આર્યાભિવિનય

મહર્ષિ દયાનંદ સરસ્વતી

मा नो वधीरिन्द्र मा परा दा मा नः प्रिया भोजनानि प्र मोषीः।
आण्डा मा नो मघवञ्छक्र निर्भेन्मा नः पात्रा भेत्सहजानुषाणि ॥

।४९॥ ऋ० १.७.१९.८

**વ્યાખ્યા :** હે ઈન્દ્ર પરમ ઐશ્વર્યયુક્ત ઈશ્વર! मा नो वधीः અમારો વધ ન કરો, અર્થાત અમને આપનાથી અલગ ન પાડો. मा परादाः આપ અમારાથી કદી પણ જુદા ન થાઓ. मा नः प्रिया० અમારા પ્રિય ભોગોની ચોરી ન કરો અને ચોરી ન કરાવો (અર્થાત્ તેનાથી અમને પૃથક્ ન કરો). आण्डा मा० અમારા ગર્ભોનો નાશ ન કરો. હે मघवन् સર્વશક્તિમાન, शक्र સમર્થ અમારા પુત્રોનું વિદારણ (નાશ) ન કરો. मा नः पात्रा અમારાં ભોજન આદિ સુવર્ણ વગેરે પાત્રોને અમારાથી દૂર ન કરો. सहजानुषाणि અમારા જે સહજ અનુષકત (અનુરાગી) સ્વભાવને અનુકૂળ મિત્રો છે તેઓનો આપ નાશ ન કરો. અર્થાત્ કૃપા કરીને પૂર્વોક્ત સર્વ પદાર્થોની યોગ્ય રીતે રક્ષા કરો.




## અંધવિશ્વાસ અને તેનું નિવારણ



– મદન રહેજા

**અંધ વિશ્વાસ – મૃતકોનું પિંડદાન કરવું જોઈએ, આમ કરવાથી મૃતકોને શાંતિ મળે છે.**

**નિવારણ –** પિંડ શરીરને કહે છે. શરીર જડ છે. મૃત્યુ થયા પછી શરીર અગ્નિને અર્પણ કરી દેવામાં આવે છે. જે સળગીને પંચ મહાભૂતોમાં ભળી જાય છે. હવે પિંડ તો રહ્યું નહીં, તો દાન કોનું કરવું?

હિન્દુ પરિવારોમાં એવી પરંપરા છે કે પરિવારના કોઇ વ્યક્તિનું મૃત્યુ થઇ જાય એટલે બ્રાહ્મણો (કહેવાતા બ્રાહ્મણો) પાસે પિંડદાનની વિધિ કરાવે છે. જેથી મરનારનો આત્મા સદ્‌ગતિને પ્રાપ્ત કરે. ઘઉંના લોટના પિંડ બનાવી, બ્રાહ્મણો પાસે પૂજા-પાઠ કરાવી નદી કિનારે જઇ તેમાં પધરાવી દે છે. આ સમયે બ્રાહ્મણોને મૃતકના નામે ભોજન કરાવે છે, અને મૃતકના ઉપયોગમાં આવતી અનેક વસ્તુઓ – ગાંદલું, ચંપલ, રાશન અને રોકડ રકમ – બ્રાહ્મણોને અર્પણ કરે છે, જેથી મૃતકને આ તમામ વસ્તુઓ પહોંચી જાય! આવા કર્મકાંડ સાથે દિવંગત આત્માને કંઇ લેવા દેવાનું હોતુ નથી, કારણકે મૃત્યુ પામનારનો આત્મા તો જડ શરીર છોડીને તુરંત ઈશ્વરની વ્યવસ્થામાં ચાલ્યો જાય છે, અને પોતાના કર્માનુસાર નવું શરીર ધારણ કરે છે. મૃતકને માટે આપણાં દ્વારા કરવામાં આવતા કોઇ પણ વિધિ-વિધાનનું ફળ આત્માને મળતું નથી. દાન વગેરેનું પુણ્ય દાન કરનારને જ મળે છે. કોઇના નિમિત્તે કરવામાં આવેલ દાન વગેરેનું ફળ પણ દાન કરનારે જ મળે છે, નહીં કે જેના નિમિત્તે કરેલ હોય તેને.

રીતે-રિવાજ, પરંપરાઓ ખોટી પણ હોઇ શકે છે. ઈશ્વરે મનુષ્યને મનનશીલ બનાવેલ છે. બુદ્ધિ આપી છે તેનો ઉપયોગ કરીને જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. જેથી સત્ય – અસત્ય શું છે તેનો નિર્ણય કરી શકે. આવું જ્ઞાન સાચા ધર્મનું આચરણ કરવાથી મળે છે, જે આપણને અંધ વિશ્વાસથી બચાવે છે.

આવા કર્મકાંડ કરાવનાર બ્રાહ્મણોને આસ્તિક કઇ રીતે કહી શકાય ? કારણકે ઈશ્વરની ન્યાય વ્યવસ્થામાં તેઓને વિશ્વાસ નથી. આવી વિધિઓ જ્યાં કરાવાય છે. તે નદીઓ પણ પ્રદૂષિત થાય છે, જે પુણ્ય નથી પરંતુ પાપ છે. મૃતકના પરિવારજન લાચાર બનીને, આર્થિક રીતે સંપન્ન ન હોય તોપણ કહેવાતા બ્રાહ્મણોના ચક્કરમાં ફંસાય છે.

હિન્દુ જાતિ જ્યાં સુધી અજ્ઞાનતામાં સબડતી રહેશે ત્યાંથી અંધવિશ્વાસી બનીને કહેવાતા બ્રાહ્મણોના ચક્કરમાં ફંસાતી રહેશે.

**BOOK-POST**

**પ્રેષક :-**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ,**
**ટંકારા - ૩૬૩૬૫૦.**
**જિ. રાજકોટ**

**પ્રતિ,** ______________________

स्वत्वाधिकारी गुजरात प्रान्तीय आर्य प्रतिनिधि सभा, अहमदाबाद E : gujaratsabha@gmail.com की ओर से प्रकाशक, मुद्रक सुरेशचन्द्र अग्रवाल द्वारा नचिकेत आर्ट प्रिन्टर्स, ११, गैलेक्सी कोमर्शियल सेन्टर, जवाहर रोड, राजकोट से मुद्रित तथा कार्यालय आर्यसमाज, महर्षि दयानन्द मार्ग, कांकरिया, अहमदाबाद–३८००२२ से प्रकाशित,
• सम्पादक–सुरेशचन्द्र अग्रवाल • सहसम्पादक : हसमुख परमार – ९८७९३ ३३३४८ • व्यवस्थापक : प्रविण ठाकर – ९४२८२ ०२४५८